

Green Card for USA by EB 5 investor visa
NEWS OF GANDHINAGAR (DAILY)
USA #EB5Visa #Greencard
Call / Whats up No 09824653073

પ્રજાને થતાં અન્યાયો અને ફરિયાદોને વાચા આપતું એકમાત્ર સાપ્તાહિક

अब तो एक ही आग ''जन फरियाद''

now on Internet www.janfariyad.com

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. GAMC/1185

# જન ફરિયાદ

તંત્રી : પ્રદિપ રાવલ

સાપ્તાહિક

R.N.I. No. GujGuj/1997/57
Po. Reg. No. G-GNR-286
S.S.P.O.'S Gandhinagar
Velid Up to : 31 Dec., 2014
Rs.2-00, Annual : Rs.100-00

Gandhinagar Office : Block No. 677/2, "GH" Type, Sector-8, Gandhinagar

■ વર્ષ-26 ■ અંક-19 ■ તા. 01-05-2022 ■ રવિવાર ■ પાના - 2 ■ કિંમત રૂા. 2/- ■ વાર્ષિક લવાજમ : 100 રૂા. ■ મુખ્ય કાર્યાલય : બ્લોક નં. 677/2, 'ઘ' ટાઈપ, સેક્ટર-8, ગાંધીનગર (મો.) 98246 53073 (નિ.) 23238022 ■ Email : prdpraval@yahoo.co.uk

### હવે ગરમી લઈ રહી છે અગ્નિપરીક્ષા

## ગરમીનો કહેર બમણો થયો, સમગ્ર ઉત્તર ભારતમાં હીટ વેવનું એલર્ટ

નવીદિલ્હી,તા.૩૦

સમગ્ર ઉત્તર ભારતમાં કાળઝાળ ગરમીને કારણે ઉનાળાનો કહેર વધી રહ્યો છે. આવી સ્થિતિમાં વીજકાપ આગમાં ઘી હોમવાનું કામ કરી રહ્યો છે. વીજકાપને કારણે એવી હાલત છે, જાણે હવામાન લોકોની અગ્નિપરીક્ષા લઈ રહ્યું હોય. આગામી દિવસોમાં પણ આ જ સ્થિતિ ચાલુ રહેવાનો અંદાજ છે. આ દરમિયાન યુપી, રાજસ્થાન, પંજાબ, ઝારખંડ, બિહાર, મધ્યપ્રદેશ, છત્તીસગઢમાં હીટ વેવનું એલર્ટ છે.

કાળઝાળ ગરમીને કારણે દેશભરમાં વીજળીની માંગ વધી રહી છે. આવી સ્થિતિમાં દેશના ચોથા ભાગના પાવર પ્લાન્ટ બંધ છે. પરિણામે, ૧૬ રાજ્યમાં ૧૦ કલાક સુધીનો વીજકાપ મુકાયો છે. સરકારી રેકોર્ડ મુજબ દેશભરમાં ૧૦,૦૦૦ મેગાવોટ, એટલે કે ૧૫ કરોડ યુનિટોમાં કાપ મૂકવામાં આવી રહ્યો છે, પરંતુ વાસ્તવમાં વીજળીની અછત ઘણી વધારે છે.

રાજસ્થાનમાં આકરી ગરમી અને વીજકાપથી લોકો પરેશાન થઈ ગયા છે. ગઈકાલે રાજ્યનાં ૧૧ શહેરમાં દિવસનું મહત્તમ તાપમાન ૪૫ ડીગ્રી સેલ્સિયસથી પર નોંધાયું હતું. ખ્વાજા નગરી અજમેરમાં છેલ્લાં ૬૩ વર્ષમાં એપ્રિલ મહિનાનો સૌથી ગરમ દિવસ હતો, જ્યાં મહત્તમ તાપમાન ૪૩.૩ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. રાજધાની જયપુરમાં ગઈકાલે રાત્રે લઘુતમ તાપમાન ૩૧ ડીગ્રી સેલ્સિયસથી પર નોંધાયું હતું, જે આ ઉનાળાની મોસમની સૌથી ગરમ રાત્રિ હતી, એમ હવામાન કેન્દ્ર જયપુરના ડાયરેક્ટર રાધેશ્યામ શર્માએ જણાવ્યું હતું, જેથી આગામી ૩ દિવસ સુધી હીટ વેવની સ્થિતિ યથાવત્ રહેવાની શક્યતા છે.

મધ્યપ્રદેશમાં કાળઝાળ ગરમી વચ્ચે આગામી મહિનાથી ગરમીનું પ્રમાણ વધુ આકરું બનવા જઈ રહ્યું છે. એપ્રિલના અંત સુધીમાં રાજ્યમાં મહત્તમ તાપમાન ૪૬ ડીગ્રીની નજીક પહોંચી ગયું છે. દેશનાં ટોપ ૫ હોટ સિટીમાં મધ્યપ્રદેશનાં ત્રણ શહેર આવ્યાં છે. ગઈકાલે ઉત્તરપ્રદેશનું પ્રયાગરાજ દેશમાં સૌથી ગરમ રહ્યું હતું. અહીં દિવસનું તાપમાન ૪૫.૯ ડીગ્રી નોંધાયું હતું. આ પછી રાજસ્થાનનું ગંગાનગર અને મધ્યપ્રદેશનું રાજગઢ ૪૫.૭ ડીગ્રી તાપમાન સાથે બીજા ક્રમે છે. ખજૂરાહો અને નૌગાંવમાં ૪૫.૬-૪૫.૬ ડીગ્રી નોંધાયું છે.

મહારાષ્ટ્રના જલગાંવમાં સૌથી વધુ તાપમાન ૪૫.૬ ડીગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. ગ્વાલિયરમાં તાપમાન ૪૫ ડીગ્રીએ પહોંચી ગયું છે. ખંડવામાં ૪૫.૧, ખરગોનમાં ૪૫.૨ ડીગ્રી તાપમાન નોંધાયું હતું. આગામી ત્રણ દિવસ સુધી એમપીનાં ઘણાં શહેરોમાં ગરમીનો પ્રકોપ જોવા મળશે અને મે મહિનાપૂર્વ અને દક્ષિણ-પૂર્વ પવનને કારણે અને બિહારમાં પટના સહિત રાજ્યના મોટા ભાગના વિસ્તારોમાં હવામાનની પેટર્ન બદલાઈ ગઈ છે. ૩૦ એપ્રિલ અને ૧ મેના રોજ કૈમુર, રોહતાસ, ગયા, નવાદા, જમુઈ અને બાંકા જિલ્લા સિવાય પટના સહિત ૩૨ જિલ્લામાં ૩૦-૪૦ કિમીની ઝડપે પવન ફૂંકાશે. આ દરમિયાન ક્યાંક-ક્યાંક હવામાન વિભાગે વીજળી અને વરસાદને લઈને યેલો એલર્ટ જાહેર કર્યું છે.

પટના હવામાન કેન્દ્રના વૈજ્ઞાનિક આશિષ કુમારે જણાવ્યું કે શુક્રવાર રાતથી હવામાનમાં આવેલા ફેરફારને કારણે સીતામઢી, મધેપુરા, અરરિયા, પૂર્ણિયા, મુંગેર, બેગુસરાઈ, ખાગડિયા શિયોહર અને પશ્ચિમ ચંપારણમાં ૩૦થી ૪૦ કિ.મી.ની ઝડપે પવન ફૂંકાયો હતો. ૨ મેના રોજ પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, શિવહર, સીતામઢી, મધુબની, દરભંગા, સમસ્તીપુર, સહરસા, સુપૌલ, અરરિયા, મધેપુરા, પૂર્ણિયા, કટિહાર, કિશનગંજમાં છૂટાછવાયા સ્થળોએ હળવો વરસાદ પડશે.



ગરમીએ હવે ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. તાપમાન સામાન્ય કરતાં ૪.૬ ડીગ્રી વધુ હોવાને કારણે ગરમ હવા હીટ વેવમાં ફેરવાઈ ગઈ છે. લખનઉ તેમજ આગ્રા, ઝાંસી, વારાણસી અને કાનપુર સહિત અનેક જિલ્લાઓમાં ગરમીની લૂ શરૂ થઈ ગઈ છે. આ દરમિયાન ભારે હીટ વેવ (લૂ)એ દિવસભર ખરાબ સ્થિતિ બનાવી હતી. આ વખતે એપ્રિલ મહિનામાં સૌથી વધુ ગરમીની લૂ ફૂંકાય છે. આ વખતે અત્યારસુધીમાં ગરમીની લૂના ૮ દિવસ વીતી ગયા છે. ત્રણ દિવસથી હીટ વેવ છે, જ્યારે પાંચ દિવસથી તીવ્ર હીટ વેવ છે. મહત્તમ તાપમાનનો પારો પણ સામાન્ય કરતાં ૫ ડીગ્રી વધુ રહ્યો હતો. ત્યાં આગામી ૨ મે સુધી હીટ વેવવાળું હવામાન રહેશે. લખનઉમાં તાપમાન વધીને ૪૩.૮ ડીગ્રી સેલ્સિયસ થઈ ગયું છે.હવામાન વિભાગે આગાહી કરી છે કે ૨૯ એપ્રિલથી ૨ મે દરમિયાન દેશના કેટલાક ભાગોમાં આંશિક વાદળછાયું વાતાવરણ રહી શકે છે. દરમિયાન, ૨૯ એપ્રિલે, જોરદાર વાવાઝોડું આવી શકે છે. આ દરમિયાન પવનની ગતિ ૫૦ કિમી પ્રતિ કલાક રહી શકે છે. તે જ સમયે, ૩૦ એપ્રિલે વાદળછાયું વાતાવરણ રહેશે.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ વારસદાર કોણ હશે તે કહી શકું નહીં : પ્રશાંત કિશોર



નવીદિલ્હી,તા.૩૦

ચૂંટણી રણનીતિકાર પ્રશાંત કિશોર હાલના દિવસોમાં મીડિયાની લાઈમાલાઈટ બની ગયા છે. તેમને લઈને એ વાત પર ચર્ચાઓ થઈ રહી હતી કે તે જલદી જ કોંગ્રેસ પાર્ટીમાં સામેલ થઈ શકે છે પરંતુ તેમણે સ્પષ્ટ કર્યું કે તેઓ કોંગ્રેસ સાથે જઈ રહ્યા નથી. આ બધા વિષયો પર ચર્ચા કરતા એક ટી.વી. ચેનલ સાથે વાત કરી રહેલા પ્રશાંત કિશોરને એંકરે સવાલ કર્યો કે વડાપ્રધાન નરેન્દ્ર મોદી બાદ વારસદાર કોણ હશે?

તેમણે આ સવાલનો જવાબ આપતા કહ્યું કે હું નામ તો નહીં કહું પરંતુ ઈતિહાસના હિસાબે જોઈએ તો કોઈ પણ સમજદાર વ્યક્તિને નજરે પડશે. પહેલા અડવાણી અને વાજપેયી જીનો સાથ હતો અને ત્યારબાદ વાજપેયી અને નરેન્દ્ર મોદી સાથે આવ્યા ત્યારબાદ નરેન્દ્ર મોદી અને અને અમિત શાહ આવ્યા. પોતાની વાતો આગળ વધારતા તેમણે કહ્યું કે સ્પષ્ટ રીતે આગળ બધુ નજરે પડતું જઈ રહ્યું છે. તમે કોઈ એક વ્યક્તિનું નામ નહીં બતાવી શકો પરંતુ આવનાર લોકોનો અંદાજો તમે લગાવી શકો છો.

કોંગ્રેસના મુદ્દા પર પૂછવામાં આવેલા એક સવાલના જવાબમાં પ્રશાંત કિશોર દ્વારા કહેવામાં આવ્યું કે સૌથી પહેલા તેમણે પોતાના સંગઠનને મજબૂત કરવા માટે કામ કરવું પડશે. પોતાના પ્રેઝન્ટેશનના વિષય પર વાત કરતા તેમણે કહ્યું કે તેમાં એ વાત પર ભાર આપવામાં આવ્યો છે કે તમે ભારતને કઈ રીતે જીતી શકો છો. આ દરમિયાન એંકરે પ્રશાંત કિશોરને સવાલ કર્યો કે ભાજપને કાઉન્ટર કરવા માટે રાહુલ ગાંધી જનોઈધારી બ્રાહ્મણ બની રહ્યા છે? આ સવાલના જવાબમાં પ્રશાંત કિશોર કહ્યું કે મારું પ્રેઝન્ટેશન આ વાત પર ભાર આપી રહ્યું નથી કે ભાજપને કઈ રીતે હરાવીશું. જ્યારે અન્ય એક એંકરે તેમને પૂછ્યું કે જો તમે નેતા પણ ન બની શક્યા તો તમે શું કરશો? પ્રશાંત કિશોરે હસતા કહ્યું ઘરે બેસીશું. જો તમે કંઈક પ્રયાસ કરો છો અને થઈ શકતું નથી તો પછી તમે કંઈક વિચારો છો. આ દરમિયાન જ્યારે પૂછવામાં આવ્યું કે કોંગ્રેસના દરવાજા તમારા માટે અત્યારે પણ ખુલ્લા છે તો તેમણે કહ્યું કે તેઓ મારાથી મોટા છે જો તેઓ બોલાવશે તો વાત કરીશું. તેની સાથે જ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધીને લઈને પૂછવામાં આવેલા સવાલ પર તેમને કહ્યું એ કોંગ્રેસના લીડરશિપમાં આ બંનેને જ મારા પ્રેઝન્ટેશનમાં રાખવામાં આવ્યા નહોતા.

## હાઈકોર્ટમાં ૧૨૯ જજોની નિયુક્તિ, ૫૪ નામ હજુ પણ સરકારની પાસે લંબિત : સીજેઆઈ રમના

નવીદિલ્હી,તા.૩૦

દેશના મુખ્ય ન્યાયમૂર્તિ એન વી રમનાએ તમામ હાઈકોર્ટના મુખ્ય ન્યાયમૂર્તિઓને એકવાર ફરી કહ્યું છે કે જજોના ખાલી પદોની ભરતી માટે હાઈકોર્ટ કોલેજિયમ તાકિદે યોગ્ય નામોની ભલામણ મોકલી આપે જેથી સમય રહેતા ખાલી પદો ભરી શકાય સીજેઆઈ રમનાએ પોતાના કાર્યકાળની શરૂઆતમાં જ તમામ ન્યાયમૂર્તિઓને મોકલેલ પત્ર અને વીડિયો કોન્ફરન્સીંગની યાદ અપાવતા કહ્યું કે ત્યારે પણ તમને અપીલ કરી હતી કે જજોના ખાલી પજોને ભરવાની પ્રક્રિયા તેજ કરવામાં આવે ન્યાયમૂર્તિઓની નિયુક્તિ માટે નામ મોકલવા માટે સામાજિક વિવિધતાનું ધ્યાન પણ રાખવામાં આવે કેટલીક હાઈકોર્ટે તો ખુબ જબરજસ્ત કામ કર્યું છે બધાના સામૂહિક પ્રયાસની અસર છે કે વર્ષભરની અંદર ૧૨૬ જજોની વિવિધ હાઈકોર્ટમાં નિયુક્તિ સંભવ થઈ શકી અને ૫૦ વધુ જજોની નિયુક્તિ તાકિદે થનાર છે.

સુપ્રીમ કોર્ટને ૯ જજ એક સાથે મળ્યા અને ૧૦ હાઈકોર્ટમાં નવા ચીફ જસ્ટિસ મળ્યા.સીજેઆઈએ હાઈકોર્ટના ચીફ જસ્ટિસની કોન્ફરન્સમાં કહ્યું કે મારા પદભાર સંભાળ્યા બાદથી જ કોલેજિયમે ૧૮૦ લોકોના નામોની ભલામણ જજ બનાવવા માટે કરી તેમાંથી ૧૨૬ નિયુક્તિઓ થઈ ચુકી છે.બાકી ૫૪ નામોનો પ્રસ્તાવ સરકારની પાસે લંબિત છે હાઈકોર્ટ કોલેજિયમથી લગભગ ૧૦૦ નામોનો પ્રસ્તાવ સરકાર સુધી આવ્યો છે.આપણે દેશભરની અદાલતોમાં ઈલેક્ટ્રોનિક અને આઈટી ઈન્ફ્રાંસ્ટ્રકચર પ્રાથમિકતાનો આધાર મજબુત કરવાનો છે. આ સાથે જ જીલ્લા અદાલતોમાં સ્ટાફની કમી દુર કરવા માટે પણ પગલા ઉઠાવવામાં આવે સંસ્થાનિક અને કાનુની સુધારો પર પણ આપણો ભાર હોય હાઈકોર્ટમાં જજોની ખાલી પદોને ભવિષ્યમાં પણ સમય રહેતા જ ભરવાની એક સિસ્ટમ બનાવવામાં આવે નિયુક્તિ ઉપરાંત જજોની નિવૃતિ બાદ મળનારા લાભો માટે પણ સિસ્ટમ વિકસિત કરવામાં આવે

## પાકિસ્તાનમાં બત્તી ગુલ ! ૧૮-૧૮ કલાક સુધી વીજળીના દર્શન નહીં, ઉદ્યોગોને ભારે નુકસાન

ઈસ્લામાબાદ,તા.૩૦

માત્ર ભારત જ નહીં, પાડોશી દેશ પાકિસ્તાન પણ આ દિવસોમાં વીજળીના ગંભીર સંકટનો સામનો કરી રહ્યું છે. ત્યાંની સ્થિતિ ભારત કરતાં પણ ખરાબ છે. શહેરી વિસ્તારોમાં દૈનિક ૬ થી ૧૦ કલાકનો કાપ છે. ત્યારે ગ્રામીણ વિસ્તારોમાં લોકો ૧૮-૧૮ કલાક વીજળી માટે તરસી રહ્યા છે. પાવર પ્લાન્ટ્સમાં ઉત્પાદનમાં ધરખમ ઘટાડો થયો છે. યુક્રેન યુદ્ધ અને અન્ય કારણોસર ઘણા પ્લાન્ટ્સ સ્થગિત થઈ ગયા છે, જ્યારે ઘણા પ્લાન્ટ્સ ભારે બળતણ સંકટનો સામનો કરી રહ્યા છે.

પાકિસ્તાનની મોટી મીડિયા સંસ્થા ડોને વિદ્યુત વિભાગના એક અધિકારીને ટાંકીને કહ્યું કે દેશમાં આ દિવસોમાં ૭ થી ૮ હજાર મેગાવોટ વીજળીની અછત છે. જો ગરમી આમ જ ચાલુ રહેશે તો વીજળીનું સંકટ વધુ ઘેરી શકે છે. રાજધાની ઈસ્લામાબાદ અને રાવલપિંડી જેવા મોટા શહેરો પણ કલાકો સુધી વીજ કાપનો સામનો કરી રહ્યા છે. રમઝાન મહિનામાં પણ લોકોને કોઈ રાહત નથી. વીજળી ન મળવાને કારણે નાના-મોટા તમામ ઉદ્યોગો જોખમમાં છે. સમાચાર એજન્સી એએનઆઈએ સ્થાનિક મીડિયાને ટાંકીને કહ્યું કે ખૈબર પખ્તુનખ્વાના ઘણા વિસ્તારોમાં દરરોજ ૧૫ કલાક વીજળી કાપવામાં આવી રહી છે. કરાચી, સિંધ અને બલૂચિસ્તાનમાં વીજળીની કટોકટીએ પણ લોકોને પરસેવો પાડી દીધો છે. જો કે, કરાચી ઈલેક્ટ્રિક સપ્લાય કંપનીના પ્રવક્તાએ આશા વ્યક્ત કરી છે કે ઈદ-ઉલ-ફિત્ર પછી પરિસ્થિતિ સુધરી શકે છે. એ જ રીતે ઈસ્લામાબાદ ઈલેક્ટ્રીક સપ્લાય કંપનીએ પણ કહ્યું હતું કે તેઓ ટૂંક સમયમાં કટોકટીનો ઉકેલ લાવશે અને વીજ ઉત્પાદન પહેલાની જેમ પુનઃસ્થાપિત કરવામાં આવશે. પરંતુ લોકો માને છે કે આ માત્ર ખાતરીઓ છે. પરિસ્થિતિ ખરેખર સુધરવાની શક્યતાઓ ખૂબ જ ઓછી છે. તેમના કારણો પણ વ્યાજબી લાગે છે.

પાકિસ્તાનના તમામ પાવર પ્લાન્ટ્સ ઠપ્પ થઈ ગયા છે. ફર્સ્ટપોસ્ટના અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં ૩૫,૦૦૦ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની ક્ષમતા છે. તેમાંથી એક હજાર મેગાવોટ હાઈડલ પાવર પ્લાન્ટમાંથી, ૧૨ હજાર મેગાવોટ ખાનગી પ્લાન્ટમાંથી અને ૨૫૦૦ મેગાવોટ થર્મલ પ્લાન્ટમાંથી ઉત્પન્ન થાય છે. ૧૫ એપ્રિલે, ઉર્જા મંત્રાલયે નવા પીએમ શાહબાઝ શરીફને જાણ કરી હતી કે ૩૫૦૦ મેગાવોટથી વધુ વીજળી ઉત્પન્ન કરતા ૯ મોટા પાવર પ્લાન્ટ ઈંધણના અભાવને કારણે અટકી ગયા છે. એલએનજીની અછતને કારણે ૪ પ્લાન્ટ બંધ છે. ૨માં ફર્નેસ ઓઈલની અછત છે. એકમાં તો કોલસાનો સ્ટોક ખતમ થઈ ગયો છે. બાકીના એક પ્લાન્ટને કોન્ટ્રાક્ટ પૂરો થવાના કારણે ગેસ મળતો નથી. આ સિવાય ૧૮ અન્ય પ્લાન્ટ ટેકનિકલ ખામીઓ અને જાળવણીના અભાવે લાંબા સમયથી કાર્યરત નથી.

## પાંચ રાજ્યોના રાજ્યપાલની નિમણૂંક માટેની તૈયારીઓ શરૂ, રાષ્ટ્રપતિની ચૂંટણી બાદ નિમણૂંક

નવીદિલ્હી,તા.૩૦

સપ્ટેમ્બર-ઓક્ટોબરમાં ખાલી થનારી રાજ્યપાલ અને ઉપ રાજ્યપાલના અમુક પદો પર નિમણૂંકને લઈને રાજકીય ચર્ચાઓ અત્યારથી શરૂ થઈ ગઈ છે.જે રાજ્યપાલનો કાર્યકાળ ખતમ થઈ રહ્યો છે, તેમાં મેઘાલય, આસામ, અરુણાચલ પ્રદેશ તથા સિક્કિમના રાજ્યપાલ અને અંડમાન નિકોબારના ઉપરાજ્યપાલ સામેલ છે. તો વળી નાગાલેન્ડના રાજ્યપાલનો પ્રભાર હાલમાં આસામના રાજ્યપાલ જગદીશ મુખી પાસે છે. રાજ્યપાલની આ ખાલી જગ્યા રાષ્ટ્રપતિ અને ઉપરાષ્ટ્રપતિની ચૂંટણી પછી થશે. જે પાંચ રાજ્યોમાં નવા રાજ્યપાલોની નિમણૂંક સંભવ છે, તે તમામ પૂર્વોત્તરના છે. ત્યારે આવા સમયે આ રાજ્યોની રાજનીતિને પણ જોવામાં આવી રહ્યું છે. રાજ્યપાલોની નિમણૂંકમાંથી રાજકીય મેસેજ જાય છે, જેની સીધી અસર ચૂંટણીની રાજનીતિ પર પડે છે.

આસામના રાજ્યપાલ જગદીશ મુખી, અરુણાચલના રાજ્યપાલ બીડી મિશ્રા, સિક્કિમના રાજ્યપાલ ગંગા પ્રસાદ અને અંડમાન-નિકોબારના ઉપ રાજ્યપાલ ડીકે જોશીનો કાર્યકાળ ઓક્ટોબરમાં ખતમ થઈ રહ્યો છે. જ્યારે મેઘાલયના રાજ્યપાલ સત્યપાલ મલિકનો કાર્યકાળ સપ્ટેમ્બરમાં સમાપ્ત થઈ જશે.પુડુચેરીમાં પણ ઉપ રાજ્યપાલનું પદનું ખાલી છે. જેનો પ્રભાર તેલંગણાના રાજ્યપાલ તમિલસાઈ સુંદરરાજન પાસે છે. આ ઉપરાંત બે રાજ્યપાલ એવા છે, જેનો પાંચ વર્ષનો કાર્યકાળ પુરો થઈ ચુક્યો છે અને તેમનો બીજો કાર્યકાળ ચાલી રહ્યો છે. તેમાંથી પંજાબના રાજ્યપાલ બનવારી લાલ પુરોહિત અને ગુજરાતના રાજ્યપાલ આચાર્ય દેવવ્રત છે. જો કે, આ દરમિયાન આ બંને રાજ્યમાં જરૂરથી ફેરફાર થયા છે. દિલ્હીના ઉપ રાજ્યપાલ અનિલ બૈજલનો પણ બીજો કાર્યકાળ ચાલી રહ્યો છે.


પાંચ વર્ષ પહેલા રાષ્ટ્રપતિ ચૂંટણીના સમયે જે રીતે બિહારના તત્કાલિન રાજ્યપાલ રામનાથ કોવિંદને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર બનાવ્યા હતા, તેને જોઈને આ વખતે પણ એકાદ રાજ્યપાલના નામની અટકળ છે. જો કે, તે સમય દરમિયાન રાષ્ટ્રપતિ ચૂંટણી ઉપરાંત અલગ ફોર્મ્યુલા અપનાવે તેવા પણ સંકેત છે. જેનાથી સામાજિક સમીકરણો સાધવાની સાથે વર્ષ ૨૦૨૪ની લોકસભા ચૂંટણી માટે રાજકીય મેસેજ પણ આપવામાં આવશે.

સૂત્રોના જણાવ્યા અનુસાર,, ભાજપમાં જે નેતાઓના નામ ભાવિ રાજ્યપાલો માટે ચાલી રહ્યા છે, તેમાં કર્ણાટકના પૂર્વ મુખ્યમંત્રી બીએસ યેદિયુરપ્પા મુખ્ય છે. કર્ણાટકમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા તેમના દ્વારા ભાજપે રાજ્યના સૌથી મજબૂત મનાતા લિંગાયત સમુદાયને એક મોટો મેસેજ આપી શકે છે. રાજ્યના મુખ્યમંત્રી બસવરાજ બોમ્મઈ પણ લિંગાયત સમુદાયમાંથી આવે છે. હિમાચલ પ્રદેશના પૂર્વ મુખ્યમંત્રી પ્રેમ કુમાર ધુમલ અને બિહારના વરિષ્ઠ નેતા સીપી ઠાકુરનું નામ પણ ચર્ચામાં છે.

## જનરલ મનોજ પાંડેએ નવા આર્મી ચીફ તરીકેનો પદભાર સંભાળ્યો, એમએમ નરવણેની જગ્યા લીધી

નવીદિલ્હી,તા.૩૦

લેફ્ટિનેંટ જનરલ મનોજ પાંડેએ નવા સેના પ્રમુક તરીકેનો પદભાર સંભાળી લીધો છે. તેમણે એમએમ નરવણેની જગ્યા લીધી છે.તેઓ દેશના ૨૯માં સેના પ્રમુખ બન્યા છે. વરિષ્ઠતા ક્રમ અનુસાર તેઓ આ પદ માટે સૌથી વધારે લાયક હતા. આવું પહેલી વાર બન્યું છે જ્યારે સેનાની એન્જીનિયર કોરમાંથી કોઈ અધિકારીએ આર્મીની કમાન સંભાળી હોય. આ અગાઉ ૨૮ વાર સેના, તોપખાના, અને રેજિમેંટના અધિકારીઓ જ ૧૩ લાખ કર્મચારીઓવાળા સેના પ્રમુખ બનતા રહ્યા છે. લેફ્ટિનેંટ જનરલ પાંડે આ વર્ષે એક ફેબ્રુઆરીએ સેનાના ઉપ પ્રમુખ બનતા પહેલા તેઓ થલ સેનાની પૂર્વી કમાનનું નેતૃત્વ કરી રહ્યા હતા.



આ કમાન પર સિક્કિમ અને અરુણાચલ પ્રદેશ સેક્ટરોમાં વાસ્તવિક નિયંત્રણ રેખાની જવાબદારી સંભાળી છે. લેફ્ટિનેંટ જનરલ પાંડે સેનાની કમાન એવા સમયે સંભાળી રહ્યા છે, જ્યારે સરકાર કેટલાય પડકારોથી નિવારણ લાવવા માટે ત્રણ સેનાના એકીકરણ પર ધઅયાન કેન્દ્રીય કરી રહ્યું છે. લેફ્ટિનેંટ જનરલ પાંડે પોતાના કરિયર દરમિયાન અંડમાન નિકોબાર કમાનના પ્રમુખ તરીકે પણ સેવા આપી ચુક્યા છે.

પાંડે રાષ્ટ્રીય રક્ષા એકેડમીના પૂર્વ વિદ્યાર્થી છે અને તેમને ડિસેમ્બર ૧૯૮૨માં કોર ઓફ એન્જીનિયર્સમાં નિમણૂંક કરવામાં આવ્યા હતા. તેણે પોતાના સારામાં સારા કરિયરમાં કેટલાય મહત્વના પદો પર સેવા આપી છે અને અલગ અલગ વિસ્તારામં આતંક વિરોધી અભિયાનોમાં પણ ભાગ લીધઓ છે.

# તંત્રી લેખ

## સંવેદનશીલતાની જરૂર

કોરોના બાબતે મુખ્યમંત્રીઓ સાથેની બેઠકમાં વડાપ્રધાને અચાનક પેટ્રોલિયમ પદાર્થોની મોંઘવારીનો મુદ્દો ઉઠાવી દીધો. વડાપ્રધાને કહ્યું કે વિપક્ષી દળો શાસિત રાજ્ય સરકારોએ કેન્દ્ર દ્વારા ઉત્પાદન શુલ્ક ઘટાડવા છતાં પણ વેટમાં કપાત નહીં કરીને પેટ્રોલ-ડીઝલના ભાવમાં પોતાની જનતાને રાહત ન આપી. જ્યારે ભાજપ શાસિત રાજ્યોએ વેટમાં ઘટાડો કરીને ઈંધણના ભાવમાં રાહત આપી છે. ત્યારબાદ આ મુદ્દે રાજકીય આક્ષેપબાજી શરૂ થઈ ગઈ. કોંગ્રેસ સહિત વિપક્ષી દળો ઉલટાનું કેન્દ્ર સરકારને ઉત્પાદન શુલ્ક ઘટાડવાનું કહેવા લાગ્યા. જ્યારે વાત તો ભાજપ શાસિત રાજ્યોએ વેટ ઘટાડીને પોતાની જનતાને રાહત આપી અને વિપક્ષી રાજ્યોએ વેટમાં ધરાર ઘટાડો નહીં કરીને પોતાની જ જનતા પ્રત્યે અસંવેદનશીલ વલણ રાખ્યું છે. કોરોના દરમ્યાન લોકોની આવકમાં ઘણો ઘટાડો થયો છે, એવામાં વિપક્ષ શાસિત રાજ્યોએ પોતાની જનતા પ્રત્યે સંવેદનશીલ વ્યવહાર દેખાડવો જોઈતો હતો, એને બદલે તેમણે તો પોતાની આવક ઘટી હોવાનાં રોદણાં રડવા માંડ્યાં. ભાજપ શાસિત રાજ્યોની આવક પણ ઘટી હશે, તેમ છતાં તેમણે વેટમાં કપાત કરીને વધારાનું નુક્સાન પણ વેઠ્યું. ત્યારે વિપક્ષોનું વલણ એવું છે કે કેન્દ્ર એક્સાઈઝમાં ઘટાડો કરી આપે, પરંતુ વેટમાં ઘટાડો કરીને અમને જીતાડનાર જનતાને અમે રાહત નહીં આપીએ. આ તો 'તારું-મારું સહિયારું, મારું-મારું આગવું' એવો ઘાટ થયો.

વિપક્ષી રાજ્ય સરકારોએ વેટમાં ઘટાડો કરીને પોતાની આવકના બીજા સ્રોત શોધવા જોઈએ. સાથે જ જીએસટી સંગ્રહમાં જે છીંડાં છે તેને પૂરીને પોતાની આવક વધારવી જોઈએ. અસલમાં કેન્દ્ર સરકારે ગત નવેમ્બરમાં જ પહેલાં એક્સાઈઝ ડ્યૂટીમાં કપાત કરીને રાજ્ય સરકારોને પેટ્રોલિયમ પદાર્થો પર વેટ ઘટાડવા માટે આગ્રહ કર્યો હતો. ભાજપ શાસિત રાજ્યોએ તો તેનો તરત અમલ કર્યો, પરંતુ કોંગ્રેસ સહિત અન્ય વિપક્ષી દળોનું શાસન ધરાવતી રાજ્ય સરકારો - મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ, રાજસ્થાન, તેલંગણા, આંધ્ર પ્રદેશ, કેરળ, ઝારખંડ તથા તમિલનાડુએ વેટમાં સહેજ પણ ઘટાડો નહીં કરીને જનતાને ત્રાહિમામ કરી ભરપૂર નાણાં ઉસેટવાનું ચાલુ રાખ્યું. આમ, અચાનક જ દેશ સામે ઉઘાડા પડી જવાથી વિપક્ષો ભૂરાંટા થયા અને કોંગ્રેસ સહિત તમામ વિપક્ષી દળોના નેતાઓ કેન્દ્ર સરકાર પર તૂટી પડ્યા. ખરેખર તો ભાજપ શાસિત રાજ્યોના મુકાબલે બીજા પક્ષોની સરકારોમાં પેટ્રોલ અને ડીઝલ પર વેટના દરો લગભગ બે ગણા છે, જેને લોકોને રાહત આપવા માટે ઘટાડવા જોઈએ. એ કડવું સત્ય છે કે દેશ લગભગ એંસી ટકા પેટ્રોલિયમ વિદેશથી મંગાવે છે. પછી રાજ્યોના પેટ્રોલ પંપો દ્વારા તેનું છૂટક વેચાણ થાય છે. પંરતુ કડવી હકીકત એ છે કે મૂળ ખરીદ મૂલ્યના મુકાબલે લગભગ બેગણા ભાવ પર તેનું વેચાણ થાય છે. આમ પેટ્રોલિયમ પદાર્થોને સરકારો દૂઝણી ગાય સમજે છે અને તેના કરમાં કપાત કરવા રાજી નથી થતી. બીજી પણ એક હકીકત છે કે રાજ્ય સરકારો ઈંધણોને જીએસટી હેઠળ લાવવા રાજી નથી. જીએસટી કાઉન્સિલની કેટલીય મીટિંગમાં આ મુદ્દો ઉઠ્યો છે પરંતુ રાજ્ય સરકારો તેના માટે નન્નો ભણે છે. કેન્દ્ર સરકારે પેટ્રોલિયમ પદાર્થો, પર્યાવરણ પ્રદૂષણ અને સ્વાસ્થ્ય સાથે જોડાયેલા મુદ્દા પર આખા દેશ માટે એક નીતિ નિર્ધારિત કરીને આમ આદમીને રાહત આપવાનો પ્રયાસ કરવો જોઈએ.

## જનરલ એમએમ નરવણે નિવૃત્ત થયા, અંતિમ દિવસે શહીદોને શ્રદ્ધાંજલિ આપી



નવીદિલ્હી,તા.૩૦

ચીન સાથે ગલવાન ખીણની લડાઈ અને છેલ્લા બે વર્ષથી ન્છઝ પરના વિવાદ દરમિયાન ભારતીય સેનાની કમાન સંભાળનારા આર્મી ચીફ જનરલ એમએમ નરવણે આજે નિવૃત્ત થયા છે. જનરલ નરવણેએ શનિવારે વિશ્વની ત્રીજી સૌથી મોટી સેના ભારતીય સેનાની કમાન જનરલ મનોજ પાંડેને સોંપી હતી.

શનિવારે સવારે, તેમના કાર્યકાળના અંતિમ દિવસે, જનરલ એમએમ નરવણેએ પ્રથમ રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શહીદ થયેલા સૈનિકોને શ્રદ્ધાંજલિ આપી. આ પછી આર્મી ચીફ પોતાની પત્ની અને પરિવારના અન્ય સભ્યો સાથે સાઉથ બ્લોક પહોંચ્યા હતા. અહીં પહોંચતા જ જનરલ નરવણેને છેલ્લી વખત આર્મી ચીફ તરીકે ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. ગાર્ડ ઓફ ઓનર બાદ જનરલ નરવણે આર્મી હેડક્વાર્ટર પહોંચ્યા અને સેનાના સહ-મુખ્ય જનરલ મનોજ પાંડેને સેનાની કમાન સોંપી.

ખાસ વાત એ છે કે, જનરલ નરવણેના રિટાયરમેન્ટ સુધી એવી અટકળો ચાલી રહી હતી કે સરકાર તેમને ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ એટલે કે, CDSના પદ માટે યોગ્ય ગણશે કે નહીં. કારણ કે હેલિકોપ્ટર દુર્ઘટનામાં જનરલ વિપિન રાવતના નિધન બાદ CDSનું પદ ખાલી છે. જનરલ રાવત પછી સૌથી વરિષ્ઠ સૈન્ય કમાન્ડર હોવાને કારણે, તેમને સીડીએસ બનાવવાની ચર્ચાઓ જોરશોરથી ચાલી રહી હતી. પરંતુ તેમની નિવૃત્તિના છેલ્લા દિવસ સુધી સરકારે નવા સીડીએસની જાહેરાત કરી નથી.

૧૯૮૦માં સેનાની શીખ લાઈટ (સિખલાઈ) ઈન્ફન્ટ્રીમાં ફરજ બજાવતા જનરલ નરવણેને ચીનની બાબતોમાં નિષ્ણાત માનવામાં આવતા હતા. આર્મી ચીફ તરીકેનો કાર્યભાર સંભાળ્યાના માત્ર પાંચ મહિનામાં જ કોરોના મહામારી દરમિયાન પૂર્વ લદ્દાખને અડીને આવેલા એલએસી પર ભારતીય સેનાનો ચીનની પીએલએ-આર્મી સાથે વિવાદ થયો હતો. આ વિવાદ એટલો વધી ગયો કે પૂર્વી લદ્દાખની ગાલવાન ખીણમાં બંને દેશોની સેનાઓ વચ્ચે લડાઈ શરૂ થઈ ગઈ. લાકડીઓ અને મધ્યયુગીન શસ્ત્રોની ભીષણ લડાઈ હતી. આ યુદ્ધમાં ભારતીય સેનાના કર્નલ સંતોષ બાબુ સહિત ૨૦ જવાનો શહીદ થયા હતા અને લગભગ ૧૦૦ જવાનો ઘાયલ થયા હતા. આ યુદ્ધમાં ચીની સેનાને પણ ભારે નુકસાન થયું છે. જો કે, ચીની સેનાએ ક્યારેય ખુલ્લેઆમ પોતાનું નુકસાન જણાવ્યું નથી. ચીનના સરકારી મીડિયાએ માર્યા ગયેલા ચીની સૈનિકોની સંખ્યા પાંચ ગણાવી છે.

# એષા-ખુલ્લી કિતાબ -૬




એષા રહેલી મુંબઈ અને અમદાવાદમાં. અંગ્રેજી માધ્યમમાં ભણેલી એષાએ લેબોરેટરીનું કામ સરસ રીતે સંભાળી લીધું હતું. રોહિતે પણ જનરલ સર્જન તરીકે પોતાની ઓળખ ઊભી કરવા માંડી હતી.

ઘરની બહાર અને કાર્યક્ષેત્રે સૌને રોહિત અને એષાનું જીવન દેખીતી રીતે સરળ વહેણની જેમ વહેતું લાગતું તેથી અંદરનાં વમળની

ભાગ્યેજ કોઈને જાણ થતી. એષાને ખુલ્લા આસમાનની ઝંખના હતી જ્યારે વિરસદ જેવા નાનાં ગામમાં ઉછરેલા રોહિતનું વિચારવિશ્વની એક નિશ્ચિત સીમા વચ્ચે બંધાયેલું રહેતું. રોહિતે બાળપણથી જોયેલું કે બા, દાદી, બહેન કે ઘરનાં સ્ત્રી વર્ગનો કોઈ અલગ અભિપ્રાય હોય જ નહીં.

બધાં બાપુજીને જ પૂછતા તેથી જ ઘરનાં નિર્ણયો લેવાનો અધિકાર માત્ર પુરુષનો જ એવો જડબેસલાક વિચાર મનમાં સ્થાયી થઈ ગયો હતો. પરિણામે એષા અને એની વચ્ચે ક્યારેક કોઈ વાતે ચણભણ થાય ત્યારે અંતિમ શબ્દ તો હંમેશા રોહિતનો જ રહેતો.

એષા સાથે લગ્ન પછી એષા દ્વારા ઘરમાં વધેલી આવક તો તેને ગમતી હતી પણ નાણાંકીય બાબતોમાં એષાનાં સૂચનો જરા ઓછા ગમતાં. ઘરની વર્ષો જૂની પ્રથાને જ અનુસરતા રોહિતના કુટુંબથી એષા સાવ જુદી પડતી. એષા ખુલ્લા મનની હતી. આટલાં વર્ષોમાં એ એ જે રીતે જીવી હતી એ રીતે સાચી વાત કહેવાનું એને સાવ સ્વાભાવિક લાગતું. એષાની વાતો રોહિતના પરિવાર માટે અકલ્પનીય તો ખરી જ સાથે અસ્વીકાર્ય પણ હતી. પરિણામે કુટુંબમાં એષા તરફ છાના રોષની આછી ધુમ્રસેર રોહિત જોઈ શકતો. કૌટુંબિક વિખવાદોથી રોહિતને પરેશાની થતી.

રની ઘરેડ પ્રમાણે ઘડાયેલી માનસિકતાના લીધે એને મોટે ભાગે દરેક નિર્ણયો એષાને પૂછ્યા વિના લેવાની આદત હતી.

ઘરની પરંપરા પ્રમાણે એ પણ એવું જ માનતો કે એષા ભલે કામ કરે પણ ઘર સંભાળવાની અને છોકરાઓને ઉછેરવાની જ એની મુખ્ય જવાબદારી હોવી જોઈએ.

એષા બંને ત્રાજવાનું સમતોલન રાખવા સક્ષમ હતી. ઘરની જવાબદારી સાથે હોસ્પિટલની લેબોરેટરીનું કામ પણ એ સંપૂર્ણ કાર્યદક્ષતાથી સંભાળી લેતી. જીવનમાં વિધાતાએ જે આપ્યુ તેનો સ્વીકાર કરીને જ એ વહેતી રહી હતી.

ઘર, પરિવાર અને મિત્રમંડળમાં પ્રસંગોપાત હાજરી આપવાનો વ્યહવાર પણ એ સાચવી લેતી. ક્યારેક મિત્રો ટીખળ કરી લેતા કે,

રોહિત ભારે નસીબદાર કે એને, કાર્યેષુ દાસી, કર્મેષુ મંત્રી, ભોજયેષુ માતા, શયનેષુ રંભા,ૠપેષુ લક્ષ્મી, કર્મેષુ ધારિત્રી, શત ધર્મ યુક્તા,

કુલ ધર્મ પત્ની. જેવી એષા મળી.

એષા અને રોહિતના પરિવારમાં ધ્રુમિલ અને ૠચાનો ઉમેરો થયો હતો. સમયની પાંખે ઊડીને દિવસો પસાર થતા હતા.

હોસ્પિટલની નોકરી છોડીને રોહિતે પોતાની પ્રેક્ટિસ શરૂ કરી.

ૠચા અને ધ્રુમિલની સાથે એષાએ રોહિતની હોસ્પિટલની લેબોરેટરીની જવાબદારી પણ સંભાળી લીધી. એના લીધે રોહિતને કેટલી રાહત હતી એ તો એ પણ સમજતો હતો, માત્ર સ્વીકારવામાં પુરુષસહજ સ્વભાવ આડે આવતો.

દિવસો, મહિનાઓ અને વર્ષો પસાર થતાં રહ્યાં. રોહિતની હોસ્પિટલ અને જનરલ સર્જન તરીકે રોહિતની ખ્યાતિ વધતી ચાલી.

બે વર્ષનાં અંતરે ધ્રુમિલ અને પછી ૠચાએ પણ કૉલેજ પાસ કરીને જીવનના અગામી પડાવ તરફ

### વસીમ રિઝવીએ ગયા વર્ષે ૬ ડિસેમ્બરે હિન્દુ ધર્મ અપનાવ્યો હતો

## મુસ્લિમો અને ઈસ્લામ વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક નિવેદન મામલે જીતેન્દ્ર નારાયણ ત્યાગી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ

શ્રીનગર,તા.૩૦

મુસ્લિમો અને ઈસ્લામ વિરુદ્ધ કથિત રીતે અપમાનજનક નિવેદનો આપવા બદલ કાશ્મીરની એક કોર્ટે જીતેન્દ્ર નારાયણ ત્યાગી વિરુદ્ધ બિનજામીનપાત્ર વોરંટ જારી કર્યું છે. ગયા વર્ષે વસીમ રિઝવીએ પોતાનો ધર્મ બદલીને હિંદુ ધર્મ અપનાવ્યો હતો અને પોતાનું નામ જીતેન્દ્ર નારાયણ ત્યાગી રાખ્યું હતું. અગાઉ પણ આ કેસમાં, કોર્ટે આરોપીને સમન્સ જારી કરીને તેને હાજર થવા અને ફરિયાદમાં તેના પર લાગેલા આરોપોનો તાત્કાલિક જવાબ આપવા જણાવ્યું હતું. જોકે, તે કોર્ટમાં હાજર થયો ન હતો.



કાશ્મીરની અદાલતે કહ્યું, "હાલના કેસના તથ્યો અને સંજોગોને ધ્યાનમાં રાખીને, ભારતીય દંડ સંહિતાની કલમ ૧૫૩છ, ૨૯૫છ, ૫૦૫ હેઠળ આરોપીઓ સામે પ્રથમ દૃષ્ટિએ કેસ કરવામાં આવે છે." જાણવા મળે છે કે જિતેન્દ્ર ત્યાગી યુપી શિયા વક્ફ બોર્ડના અધ્યક્ષ પણ રહી ચૂક્યા છે.

ફરિયાદી, શ્રીનગરના રહેવાસી દાનિશ હસન ડારના જણાવ્યા અનુસાર, "આરોપીએ પોતાની મરજીથી ઈસ્લામ છોડી દીધો અને હિંદુ ધર્મ અપનાવ્યો, પરંતુ તેના ધર્માંતરણ પછી મીડિયા સાથે વાત કરતી વખતે અપમાનજનક નિવેદનો આપ્યા, જેનાથી મુસ્લિમોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચી." હવે કોર્ટ આ મામલે આગામી સુનાવણી ૩ જૂને કરશે.

જે વ્યક્તિ અપમાનજનક ટિપ્પણી કરીને કોઈપણ વ્યક્તિને નિશાન બનાવે છે અને આવા ભાષણ અથવા નિવેદનને કારણે ઉપદ્રવ થઈ શકે છે. તેથી તે કેસ આ કલમ હેઠળ આવે છે. જો ઉપરોક્ત ભાષણ અથવા નિવેદન ઉપદ્રવનું કારણ બને છે, તો દોષિતને એક વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. તેને દંડ થઈ શકે છે. અથવા બંને સજા તરીકે લાગુ કરી શકાય છે. જો વાંધાજનક ભાષણ અથવા નિવેદન ઉપદ્રવનું કારણ ન બને, તો દોષિતને છ મહિના સુધી લંબાવી શકે તેવી મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા કરવામાં આવશે. અથવા દંડ અને જેલ થઈ શકે છે.

જે કોઈ, દેશના કોઈપણ વર્ગના નાગરિકોની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના અથવા ઠેસ પહોંચાડવાના ઈરાદાથી, તે વર્ગના ધર્મ અથવા ધાર્મિક માન્યતાઓનું અપમાન કરવાનો પ્રયાસ કરશે, તો તેને ત્રણ વર્ષ સુધીની મુદત માટે કોઈપણ વર્ણનની જેલની સજા થશે. એક વર્ષ સુધી લંબાવવામાં આવતી મુદત માટે કોઈપણ વર્ણનની કેદ અથવા દંડ સાથે અથવા બંને સાથે શિક્ષા કરવામાં આવશે.

ભારતીય દંડ સંહિતા (આઈપીસી) ની કલમ ૫૦૫ મુજબ, જો ભારતીય સેના, નૌકાદળ અથવા વાયુસેનાના કોઈપણ અધિકારી, સૈનિક, નાવિક અથવા એરમેન બળવો કરે છે અથવા તેની ફરજ બજાવવામાં નિષ્ફળ જાય છે અથવા તો તેની અનાદર કરે છે. અથવા સામાન્ય જનતા અથવા જનતાનો કોઈપણ વર્ગ એટલો ભયભીત છે કે કોઈ પણ વ્યક્તિને રાજ્ય વિરુદ્ધ અથવા જાહેર શાંતિ વિરુદ્ધ ગુનો કરવા માટે પ્રેરિત કરે છે. અથવા કોઈપણ વર્ગ અથવા સમુદાયને અન્ય વર્ગ અથવા સમુદાય વિરુદ્ધ ગુનો કરવા માટે ઉશ્કેરે છે. અથવા આવા નિવેદનો અથવા વાંધાજનક ભાષણો લખો, પ્રકાશિત કરો અને પ્રસારિત કરો. તેથી આરોપીઓ સામે આઈપીસીની કલમ ૫૦૫છ હેઠળ કેસ ચાલી રહ્યો છે. જો દોષિત સાબિત થાય, તો વ્યક્તિને ત્રણ વર્ષ સુધી લંબાવવામાં આવી શકે તેવી મુદત માટે કોઈપણ વર્ણનની કેદની સજા થશે.

## છત્તીસગઢમાં ૧૦ દિવસની અંદર અનેક નકસલી હુમલા, મેમાં મોટા હુમલાના સંકેત

નવીદિલ્હી,તા.૩૦

છત્તીસગઢમાં હાલના દિવસોમાં સુરક્ષા એજન્સીઓની સામે નકસલીઓને કંટ્રોલ કરવાનો મોટો પડકાર ઉભો થઇ ગયો છે.નકસલ પ્રભાવિત વિસ્તારમાં છેલ્લા ૧૦ દિવસની અંદર નકસલી સુરક્ષાદળોના કેમ્પો પર અનેક હુમલા કરી ચુકયા છે.સુરક્ષા દળોના સુત્રો પાસેથી મળેલી માહિતી અનુસાર નકસલીઓએ સીઆરપીએફના બે કેમ્પો પર હુમલો કર્યો હતો.આ હુમલો છત્તીસગઢના મિલાપા કેમ્પ અને એલમાગુંડા કેમ્પ પર કરવામાં આવ્યો હતો.

સુરક્ષા દળો પાસેથી મળેલી માહિતી અનુસાર છત્તીસગઢમાં નકસલીઓએ ગ્રેનેડ લોન્ચર અને બીજીએલથી રાતમાં રહી રહીને ગોળીબાર કર્યો ગત કેટલાક દિવસોથી નકસલી પોતાની હાજરી બતાવવા માટે સીઆરપીએફના કેમ્પ પર ગોળીબાર કરી રહ્યાં છે આ પ્રકારે સુકમાના પોટકાપલ્લી સીઆરપીએફ કેમ્પ પર પણ સોમવારની રાતે નકસલીઓએ હુમલો કર્યો હતો ગોળીબારની સાથે જ તેમણે ગ્રેનેડ લોન્ચરથી અને ગોળા દાગ્યા હતાં જો કે સીઆરપીએફના કમાંડોએ પણ જવાબી કાર્યવાહી કરી ત્યારે તમામ નકસલી ભાગી ગયા હતાં.આવી જ રીતે છત્તીસગઢના નારાયણપુર,સુકમા અને બસ્તના આઈટીબીપી બીએસએફ એસએસ બી અને સીઆરપીએફના કેમ્પોમાં રાતના સમયે ગોળીબાર કરવામાં આવી રહ્યાં છે. છેલ્લા ૧૦ દિવસથી સતત નકસલીઓની આવી પેટર્ન જોતા સુરક્ષા વિભાગમાં ચર્ચા છે કે શું નકસલી આ રીતે કોઇ મોટા હુમલાની યોજના બનાવી રહ્યાં છે. નકસલી સુરક્ષા દળોના કેમ્પ પર રાતે આઠથી ૧૦ અને ૧૨થી ૩ ની વચ્ચે ગોળીબાર કરી રહ્યાં છે.

સુરક્ષા એજન્સીઓના સુત્રોના જણાવ્યા અનુસાર નકસલી માર્ચથી લઇ જુન સુધી ટેકિટકલ કાઉન્ટર ઓફેંસિવ કેમ્પન ચલાવી રહ્યાં છે તેમાં તેમનો હેતુ સુરક્ષા દળો પર વધુમાં વધુ હુમલા કરવાનો હોય છે નકસલીઓએ ફકત છત્તીસગઢના સાઉથ બસ્તરમાં જ ટીસીઓસી ચલાવવાની યોજના બનાવી નથી પરંતુ તેમણે ખુબ વર્ષો બાદ નવી ટ્રાઇ જંકશનની નજીક સુરક્ષા દળો પર હુમલા કરવાની યોજના તૈયાર કરી છે.

સુરશ્રા દળોના રિપોર્ટ અનુસાર નકસલી પીએલજી બીએન ૧ના કમાંડર માંડવી ઇદુમલ ઉર્ફે હિડમા સુરક્ષા દળોથી છીનવેલા હથિયારો અને યુબીજીએલ રોકેટ લોન્ચરથી હુમલાની ફિરાકમાં છે નકસલી સુરક્ષા દળોની સામગ્રી અને ગાડીઓને નિશાન બનાવવાની યોજના બનાવી રહ્યાં છે

## અમરનાથ યાત્રામાં આતંકીઓના કોઈ ષડયંત્ર સફળ નહીં થાયઃ એન્ટી ડ્રોન સિસ્ટમ લાગુ થશે

જમ્મુ,તા.૩૦

હિન્દુઓની પવિત્ર અમરનાથ યાત્રાને નિશાન બનાવવાના ત્રાસવાદીઓના એક પણ પ્રયાસો સફળ ન થઈ શકે તે માટે સુરક્ષાદળો દ્વારા આ વખતે ખાસ એકશન પ્લાન અમલી બનાવવામાં આવશે. ડ્રોન હુમલો પણ થઈ શકે તે માટે એન્ટી-ડ્રોન સીસ્ટમ લાગુ પાડવામાં આવશે. અમરનાથ યાત્રા પર ત્રાટકવા ત્રાસવાદીઓ ષડયંત્ર ઘડી રહ્યાની ગુપ્તચર બાતમી વચ્ચે સુરક્ષાતંત્રે યાત્રા દરમ્યાન એન્ટી-ડ્રોન સુરક્ષા સીસ્ટમ તૈનાત કરવાનો નિર્ણય લીધો છે. અમરનાથ યાત્રાના બાલતાલ તથા પહેલગામના બન્ને રૂટ પર આ સીસ્ટમ મુકવામાં આવશે. ૩૦ જૂનથી શરૂ થનારી અમરનાથ યાત્રા માટે અત્યારથી જ સુરક્ષા તૈયારી શરુ કરી દેવામાં આવી છે. એન્ટી-ડ્રોન સીસ્ટમ સુરક્ષા સ્કીમમાં સામેલ કરવા કેન્દ્રીય ગૃહસચીવ અક્ષયકુમાર ભલ્લાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠકમાં નકકી કરવામાં આવ્યુ હતું. અમરનાથ યાત્રાને નિશાન બનાવવા લશ્કરના હીટ સ્કવોટ 'ધ રેજીસ્ટેન્સ ફ્રેટ' દ્વારા ધમકી આપવામાં આવી જ છે.

## યોગીએ કહ્યું હતુ કે, હનુમાન દલિત છે, પૂજાની જરૂર નથી તો હવે તમે શેના ભક્ત બનો છો? અમને હિંદુત્વ ના શિખવાડશોઃ રાઉત

નવીદિલ્હી,તા.૩૦

શિવસેનાના નેતા સંજય રાઉતે બાલઠાકરેને લઈને કેન્દ્રીય મંત્રી અશ્વિની કુમાર ચૌબેના નિવેદન પર વળતો પ્રહાર કર્યો છે. સંજય રાઉતે કહ્યું કે,તેમણે બાલાસાહેબની ચિંતા કરવાની જરૂર નથી.×હનુમાન ચાલીસાના નામ પર, તમે દેશના ભાગલા પાડવા અને મહારાષ્ટ્રને બદનામ કરવાનો પ્રયત્ન કરી રાજનીતિ કરી રહ્યા છો અને બાલાસાહેબને તે જોઈને ચોક્કસ આનંદ થશે કે અમે તમારી સાથે લડી રહ્યા છીએ ,×

યુપીના સીએમ યોગી આદિત્યનાથે હનુમાનજીને દલિત કહ્યા હતા , આટલુ જ નહી , તેમણે કહ્યું હતું કે, × બજરંગબલી એવા લોક દેવતા છે જે પોતે વનવાસી છે , ગીર વાસી છે , દલિત અને વંચિત છે.

સંજય રાઉતે યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથ દ્વારા હનુમાનજી વિશે આપેલા આવા નિવેદનને લઈને સામે પ્રહાર કરતા કહ્યું કે, ×હનુમાન દલિત છે, તેમની પૂજા કરવાની કોઈ જરૂર નથી... આવું યોગીજીનું નિવેદન હતું. આવી સ્થિતિમાં, તમે બજરંગ બલીનો પ્રેમી ક્યારથીબની ગયા? ×

કેન્દ્રીય પર્યાવરણ, વન અને જળવાયુ પરિવર્તન રાજ્ય મંત્રી અશ્વિની કુમાર ચૌબેએ શુક્રવારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે પર નિશાન સાધ્યું હતું. ચૌબેએ કહ્યું કે, બાળ ઠાકરેને 'હનુમાન ચાલીસા'ના પાઠ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હોય તો તેમની આત્માને ઠેસ પહોંચી હશે. × મેં જોયું છે કે, હનુમાન ચાલીસાનો પાઠ કરવા અથવા ભગવાન રામના નામનો જાપ કરવા બદલ ધરપકડ કરવામાં આવી હતી. આનાથી ઠાકરે સાહેબ (સ્વર્ગસ્થ શિવસેના પ્રમુખ બાળ ઠાકરે) ની આત્માને ઠેસ પહોંચી હશે,× આટલું જ નહી, હનુમાન ચાલીસા કેસમાં અમરાવતીના અપક્ષ સાંસદ નવનીત રાણા અને તેમના પતિ અને ધારાસભ્ય રવિ રાણાની ધરપકડ કરવામાં આવી છે.

રાણા દંપતીને મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરેના ખાનગી નિવાસસ્થાન માતોશ્રીની બહાર હનુમાન ચાલીસાના પાઠ માટે બોલાવવામાં આવ્યા બાદ ધરપકડ કરવામાં આવી હતી. મુંબઈની એક મેજિસ્ટ્રિયલ કોર્ટે શુક્રવારે જેલમાં ઘરનું રાંધેલું ભોજન મંગાવવાની પરવાનગી માંગતી તેની અરજી ફગાવી દીધી હતી.

## પટિયાલામાં હિંસા બાદ તણાવ : આઇજી અને એસએસપી સહિત ચાર અધિકારીઓને હટાવાયા

ચંડીગઢ,તા.૩૦

પટિયાલામાં શુક્રવારે ખાલિસ્તાન વિરુદ્ધ પ્રદર્શનમાં હિંસાના બીજા દિવસે સરકારે પટિયાલાના આઈજીરાકેશ અગ્રવાલ અને એસએસપી નાનક સિંહને હટાવી દેવાયા છે. હવે મુખવિંદર સિંહ છીના નવા આઈજી અને દીપક પરીખ નવા એસએસપી હશે. સિટી એસપીને હટાવીને વજીર સિંહ ખૈરાને લાવવામાં આવ્યા છે. ડીએસપી અશોક કુમારને પણ હટાવી દેવાયા છે. આ સમગ્ર મામલે સીએમ ભગવંત માન પણ હ્રૂઁ વીકે ભાવરાથી નારાજ છે.

આ તરફ, કાલી માતાના મંદિર પર હુમલાના આરોપીઓ સામે કાર્યવાહીની માંગ સાથે આજે પટિયાલામાં હિન્દુ સંગઠનોએ બંધનું એલાન આપ્યું છે. જેના કારણે સ્થિતિ વણસવાની સંભાવના છે. વહીવટીતંત્રે આજે સવારે ૯.૩૦ થી સાંજના ૬ વાગ્યા સુધી શહેરમાં ઈન્ટરનેટ અને એસએમએસ સેવાઓ સ્થગિત કરી દીધી છે. ડોંગલથી પણ ઈન્ટરનેટ નહીં ચાલે. પટિયાલામાં સુરક્ષા માટે દોઢ હજાર પોલીસકર્મીઓને તહેનાત કરવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, એક સપ્તાહથી ઘર્ષણની સ્થિતિ હતી. આમ છતાં પોલીસે તેને રોકવા માટે નક્કર વ્યવસ્થા કરી ન હતી. આ અંગે ઈન્ટેલિજન્સ વિંગે પોલીસને ઈનપુટ્સ પણ આપ્યા હતા, પરંતુ પોલીસ અધિકારીઓએ તેને હળવાશથી લીધું અને પરિસ્થિતિ કાબૂ બહાર જતી રહી. હિન્દુ સંગઠન અને શિવસેના હિંદુસ્તાનના નેતૃત્વમાં અનેક હિંદુ સંગઠનના લોકો કાલી માતા મંદિરમાં એકઠા થયા છે. તે રોષ માર્ચ કાઢવાની તૈયારી કરી રહ્યા છે. જો કે પોલીસ કહે છે કે તેઓને આમ કરવાની મંજૂરી ન હતી. જે બાદ તે કાલી માતાના મંદિર પાસે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

શુક્રવારે પટિયાલામાં ખાલિસ્તાન વિરુદ્ધ પ્રદર્શનમાં શીખ અને હિન્દુ સંગઠનો સામસામે આવી ગયાં હતાં. હિન્દુ સંગઠનો પ્રદર્શન કરવાની તૈયારી કરી રહ્યાં હતાં. આ દરમિયાન કેટલાંક શીખ સંગઠનો તેમનો વિરોધ કરવા લાગ્યાં. એને કારણે વાતાવરણ એટલું તંગદિલીભર્યું બની ગયું હતું કે બંને પક્ષ વચ્ચે પથ્થરમારો થયો હતો. આ દરમિયાન એસએચઓને હાથ પર ઈજા થઈ હતી. પછી પરિસ્થિતિને કાબૂમાં લેવા માટે એસએસપીએ હવામાં ફાયરિંગ કર્યું હતું. આ ઘટના બાદ જિલ્લા મેજિસ્ટ્રેટે પટિયાલામાં કર્ફ્યૂ લગાવી દીધો હતો,

સમગ્ર જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. જ્યારે સીએમ ભગવંત માને ચંદીગઢમાં પોલીસ અધિકારીઓ સાથે બેઠક પણ કરી હતી, જેમાં તેમણે આ ઘટના અંગે નારાજગી વ્યક્ત કરી હતી. ત્યાર બાદ શિવસેના આગેવાન હરીશ સિંગલાની ધરપકડ કરવામાં આવી હતી. કાલી મંદિર પાસે થયેલી અથડામણના સંબંધમાં તેમની ધરપકડ કરવામાં આવી છે.

અહીં શિવસેનાએ ખાલિસ્તાન વિરુદ્ધ પૂતળાદહનની તૈયારી કરી હતી. આ વાતની જાણ થતાં જ ખાલિસ્તાન સમર્થકોએ વિરોધ કરવાનું શરૂ કરી દીધું હતું. ત્યાં પોલીસે તેમને રોક્યા હતા અને પરત મોકલ્યા હતા. જોકે શીખ સંગઠનોના સભ્યો તલવારો લઈને કાલી માતાના મંદિરે પહોંચ્યા હતા. બંને પક્ષો વચ્ચે પથ્થરમારો થયો હતો.